# <u>પ્રેસનોટ</u>

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાશહેરની મુખ્ય સીવીલ હોસ્પિટલ, તમામ સરકારી દવાખાના, PHC, CHC અર્બન હેલ્થ સેન્ટર, આંગણવાડી અને ખાનગી હોસ્પિટલોની સઘન સફાઈ હાથધરવામાં આવેલ હતી.

આ ઝુંબેશ દરમ્યાન સ્મિમેર હોસ્પિટલ, મસ્કતી હોસ્પિટલ, ન્યુ સીવીલ હોસ્પિટલ તેમજ ઝોનના તમામ અર્બન હેલ્થ સેન્ટર અને આંગણવાડીની સફાઈ કરવામાં આવેલ,જેમાં તમામ ઝોનમાં કુલ૧૦૨૫ સફાઈ કામદાર/બેલદાર, ૭૧ સુપરવાઈઝર,૬૩ વાહનો દ્વારાનાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ૫૫૮૩લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ૬૦.૯૦મે.ટન કચરો અને ૨૨૩.૯૧મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ૧૭૬ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૧૪૮ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૧૧૯ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૩
તા.૧૨/૦૬/૨૦૨૪